## @ ગાંધીનગર

● **વાયબ્રન્ટ તો દર વરસે...**

ગાંધીનગરમાં આજકાલ ભારે ધમધમાટ છે. જાન્યુઆરીના બીજા સપ્તાહમાં યોજાનાર વાયબ્રન્ટ સમીટની તૈયારીઓ દિકરીના લગ્ન કરતાં પણ ભારે ઉત્સાહ અને ઉમંગથી થઈ રહી છે. ક્યારેય ન દોડતું હોય તેટલી ઝડપે તંત્ર દોડે છે. ઢીલા ઢસ લાગતા અધિકારી પણ ટાસ્ક પૂર્ણ કરવા લાલ-પીળા થઈને તાડુકે છે. બી.પી. અને સુગર વધી જાય એટલી હદ સુધી ટાર્ગેટ પુરા કરવાના દબાણો સાથે દસેય દિશાઓમાં રાત-દિવસ કામ ચાલે છે. ગંદકી અને દબાણ મામલે ગંભીર બની રહેલા સ્થાનિકતંત્રને કામ કરતું જોતાં નાગરીકો એકી અવાજે બોલી રહ્યા છે કે "વાયબ્રન્ટ તો વરસે વરસે હોવું જોઈએ."

● **નીતિનભાઈ વિના મીડીયા સુનુ સુનુ લાગે છે**

ગુજરાતી ન્યૂઝ ચેનલમાં એક પણ દિવસ નીતિનભાઈની બાઈટ ના હોય તેવું છેલ્લા પાંચ વર્ષમાં ક્યારેય બન્યુ નથી. દેશ-દુનિયાની કોઈપણ ઘટના હોય... સરકારના કોઈપણ સંકલ્પો કે પ્રકલ્પો હોય... ક્યાંય પણ લોકાર્પણ હોય કે ખાતમુહૂર્ત-ઉત્સવ હોય કે ઉજવણી હોય નીતિનભાઈની આસપાસ મીડીયા અને મીડીયાની આસપાસ નીતિનભાઈ હોય હોય ને હોય જ..!! પરંતુ છેલ્લા સવા બે માસથી નીતિનભાઈના અવાજ વિના...નીતિનભાઈના નિવેદન વિના મીડીયાને સુનુ સુનુ લાગે છે..!!

● **કન્ફ્યુઝન હી કન્ફ્યુઝન હૈ...**

વાયબ્રન્ટ ગુજરાત સમીટ થશે કે નહી..?! કોરોનાના કેસ બીજી લહેરની જેમ વધશે કે નહી..?! ઓમીક્રોનનો ઓછાયો ગંભીર તો નહીં બને ને..?! સામાજીક પ્રસંગોની મર્યાદાઓ વધશે કે ઘટશે..?! છેલ્લા ૩ દિવસથી જાહેર થતાં કેસના આંકડા સાચા છે કે કૃત્રિમ છે..?! જાતજાતના ને ભાતભાતના સવાલો સ્વર્ણીમ બ્લોકથી માંડીને મહાત્મા મંદિર સુધીના માર્ગો પર ચર્ચાતા સવાલ.. મંત્રીઓ પાસે જવાબ નથી... અધિકારીઓ પાસે જવાબ નથી... તજજ્ઞો પાસે જવાબો નથી... જ્યોતિષીઓ પાસે જવાબ નથી.. બધે જ જો... અને તો... ઉપર સમય પસાર થાય છે..! અને એટલે જ ગાંધીનગરની ગલીઓમાં ગુંજે છે... "કન્ફયુઝન હી કન્ફયુઝન હૈ સોલ્યુશન કા પતા નહી..!!

● **ક્યાંક રઘવાટ છે ને ક્યાંક બફાટ છે**

નવી ઉર્જા... નવા ચહેરા... નવી વાત સાથે ગુજરાતની શાસન ધુરા સંભાળનાર મંત્રીમંડળ સવા બે મહિના પછી પણ હજી કમ્ફર્ટ ઝોનમાં નથી..! કેટલાકમાં રઘવાટ છે... કશુંક નવું નવું કરવાના ઉત્સાહમાં બફાટ થાય છે...! કાચું કપાય છે...! અને કકળાટ થાય છે...! કોર્ટ-મીડીયા અને વિરોધ પક્ષો એક સાથે તુટી પડે છે ત્યારે સ્થિતિ હાલકડોલક બને છે..! ત્યારે એમ લાગે છે કે વઘાર ઓછો થાય છે અને બફાય છે વધારે..!! મંત્રીઓ નવા... અંગત સચિવો નવા... અધિકારીઓ બદલાયા... બધુ નવું નવું... એટલે "ક્યાંક રઘવાટ દેખાય છે અને ક્યાંક બફાટ..!!"

● **ઈશારો...**

કોંગ્રેસમાં ભારે ચહલપહલ છે. ૨૦૨૨ની ચૂંટણી જીતવાના સોગઠા ગોઠવાય છે. ભાજપમાં પહોંચેલા કોંગ્રેસના ધારાસભ્યોને ઘરવાપસી કરાવવા એક ટીમ કામે લાગી છે. તો ૨૦૨૨માં પટેલ મુખ્યમંત્રીનું નામ જાહેર કરી સામાજિક સમીકરણો સમતોલ કરવા મનોમંથન ચાલી રહ્યું છે. **'દેખો દેખો આગે ક્યા હોતા હૈ...'**

# જિલ્લામાં આજે ૧૫૬ ગ્રામ પંચાયતોમાં મતદાન

### સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન ચાલશે : પાંચ હજાર કર્મીઓ મતદાન અને કાયદો-વ્યવસ્થા માટે ફરજ બજાવશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ૧૫૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે આજે મતદાન યોજાશે. આ મતદાનની પ્રક્રિયા માટે આજે પોલીંગ પાર્ટીઓ રવાના થઈ ગઈ છે અને જે તે મતદાન મથક પર પહોંચી ગઈ છે.

સવારે ૭ વાગ્યાથી આ મતદાનનો આરંભ થશે. બેલેટ પેપરથી આ ચૂંટણી યોજાવાની છે. કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

આજે પોલિંગ પાર્ટીઓ જે રવાના થઈ તેમને બે અલગ-અલગ કીટો આપવામાં આવી છે. એક કીટ આરોગ્ય વિષયક છે. જેમાં સેનેટાઈઝરની બોટલ, ફેસ માસ્ક તેમજ માસ્ક અને પી.પી.ઈ. કીટ મુકવામાં આવેલ છે. બીજી કીટમાં મતપેટી, બેલેટ પેપર તેમજ મતદારયાદી, અન્ય ચૂંટણીની આનુસંગિક સ્ટેશનરીનો સમાવેશ થાય છે.

ગ્રામ પંચાયતની આ ચૂંટણી સ્થાનિક મુદ્દાઓને લઈ લડાતી હોવાથી તેનુ પ્રચાર અભિયાન પણ આક્રમક રહ્યુ છે. આ વખતે જિલ્લામાં હોર્ડિંગ્સ, બેનર ઉપરાંત સોશ્યલ મિડિયાનો પ્રચારમાં ઉપયોગ થવા પામ્યો છે. કેટલાક ગામોમાં તો ઉમેદવારોએ છેલ્લા દિવસોમાં જાહેરસભા યોજી હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૫૮ સંવેદનશીલ અને ૬૭ અતિ સંવેદનશીલ મતદાન મથકો છે. આ ચૂંટણી માટે ૪૯૭ મતદાન મથકો નિયત કરવામાં આવેલા છે. ૪૫ જેટલા રૂટો પર આ પોલિંગ પાર્ટીઓ આજે રવાના થઈ હતી.

આ ચૂંટણીમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૪,૧૦,૧૧૭ છે. આ ચૂંટણી માટે ૩૩૭૯ કર્મચારીઓ ચૂંટણીની ફરજ પર



| તાલુકાનું નામ | કેટલી પંચાયતમાં ચૂંટણી | કેટલા મતદાન મથક | નોંધાયેલ મતદાર |
|---|---|---|---|
| દહેગામ | ૭૫ | ૨૨૩ | ૧,૬૩,૪૧૬ |
| ગાંધીનગર | ૫૨ | ૧૯૨ | ૧,૭૫,૦૦૯ |
| કલોલ | ૧૧ | ૩૧ | ૨૮,૭૪૯ |
| માણસા | ૧૮ | ૫૧ | ૪૨,૯૪૩ |

● અનુસંધાન પાના - ૭ પર

# ત્રણ વર્ષના લાંબા સમય બાદ તુટેલા સર્કલોની રોનક નિખારવા તંત્ર કામે લાગ્યુ

### વાઈબ્રન્ટ પુર્વે માર્ગ વચાળે સ્થિત શહેરના સર્કલોની સુંદરતા નિખરશે : સર્કલોની જવાબદારી સંભાળતી સંસ્થાઓને નોટીસના અંતે સર્કલોની જાળવણીનુ કામ શરૂ કરાયુ

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં દોઢ દાયકા પુર્વે વિવિધ થીમ આધારિત વિકસાવાયેલા સર્કલો નગરની આગવી ઓળખ બન્યા હતા. જયારે સર્કલોની જાળવણીનુ કામ પણ વિવિધ સંસ્થાઓને સોંપવામાં આવ્યુ છે. પરંતુ કોરોના કાળમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સર્કલોની જાળવણી મામલે તંત્ર અને જવાબદાર સંસ્થાઓએ ઉદાસીનતા સેવતા સર્કલો આકર્ષણ વિહોણા જોવા મળી રહ્યા છે. તુટેલા ફુટેલા અને કંગાળ સર્કલોની સુંદરતા નિખારવા માટે તંત્રએ જવાબદાર સંસ્થાઓને નોટીસ આપ્યા બાદ વાઈબ્રન્ટ પુર્વે સર્કલોની રોનક નિખારવા માટે કામ શરૂ કરી દેવાયુ છે.



ગાંધીનગરમાં આગામી જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે સમિટને અનુલક્ષી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહીત દેશ વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનવાના છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી દરવખતે શહેરને દુલ્હનની જેમ શણગારવામાં આવે છે. જયારે સુશોભનની સાથે સલામતીને ધ્યાનમાં રાખીને પણ જરૂરી પગલા લેવામાં આવે છે. વાઈબ્રન્ટ દરમિયાન શહેરના માર્ગો તેમજ ફુટપાથ સહીત આસપાસના વિસ્તારને પણ વિશેષ સુશોભન કરવામાં આવે છે. જયારે ચકાચક રોડ નેટવર્ક તરીકે આગવી ઓળખ ધરાવતા નગરમાં મુખ્યમાર્ગો વચાળે સ્થિત વિશાળ સર્કલો પણ

● અનુસંધાન પાના - ૭ પર

# કુડાસણમાં શિક્ષિકાને કોરોના પોઝીટીવ

### શહેરમાં કેસોની સંખ્યા ૨૫ થઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો વધુ એક કેસ નોંધાયો છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૨૫ થવા પામી છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કેસ મળતાં તંત્ર ચોંક્યુ છે. કુડાસણ ગામમાં રહેતી અને સાબરકાંઠા જિલ્લામાં શિક્ષિકા તરીકે નોકરી કરતી મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં છુટાછવાયા પણ બીજી લ્હેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. આ વેળાએ હોસ્પિટલાઈઝેશન રેટ નીચો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલ દર્દીએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે. આ મહિલા નોકરી માટે તલોદ રોજ અપડાઉન કરતી હતી. તલોદ નજીકના ગામમાં પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજો બજાવે છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. તેના સંપર્કમાં આવેલ ૪ લોકોને તંત્રએ ક્વોરોન્ટાઈન કરી દીધા છે. આ મહિલા દર્દીને તાવ અને શરદી જણાતાં ટેસ્ટ કરાવવામાં આવતાં કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

# મહાત્મા મંદિર તેમજ દાંડી કુટીરને અનુલક્ષી ૬ ફુટ ઉંચી ફેન્સીંગ લગાવાનુ કામ શરૂ

### સંકુલમાં રખડતા ઢોર પણ પ્રવેશી શકશે નહીં : મહાનુભાવોની સુરક્ષાને અનુલક્ષી નાની નાની બાબતો તરફ પણ તંત્રની વિશેષ કાળજી : સી સી કેમેરા તેમજ સિગ્નલ પણ મુકવામાં આવ્યા છે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સુશોભનની સાથે સલામતીના પરિબળો પણ યોગ્ય કરવામાં આવી રહ્યા છે. વાઈબ્રન્ટ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી ઉપરાંત દેશ વિદેશના મહાનુભાવો નામી ઉદ્યોગપતિઓ પણ હાજરી આપવાના છે જેને અનુલક્ષી સુરક્ષાના માપદંડને ધ્યાનમાં રાખી નાની નાની બાબતોએ પણ વિશેષ કાળજી કરવામાં આવી રહી છે. મહાત્મા મંદિર પાસે સિગ્નલ તેમજ કેમેરા લગાવાની સાથે હવે સુરક્ષાના હેતુથી મંદિર તેમજ દાંડી કુટીરને ધ્યાનમાં રાખી છ ફુટની ઉંચી ફેન્સીંગ પણ કરવામાં આવી રહી છે. જેથી મહાત્મા મંદિરના સંકુલમાં કોઈ અનઈચ્છિનય વ્યકિત કે રખડતા ઢોર પણ પ્રવેશી શકશે નહીં.



ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સુંદરતા અને સલામતીના પરિબળો તરફ સમગ્ર તંત્રનુ ધ્યાન કેન્દ્રિત થયુ છે. ત્યારે વાઈબ્રન્ટ સમિટ જયાં યોજવાની છે તેવા મહાત્મા મંદિર તેમજ આસપાસના વિસ્તારમાં સુરક્ષને અનુલક્ષીને વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે. મહાત્મા મંદિર તેમજ દાંડી કુટીરના ફરતે માથાથી ૬ ફુટથી વધુ ઉંચાઈની તાર ફેન્સીંગ કરવામાં આવી રહી છે. ફેન્સીંગની કામગીરીના અંતે કોઈપણ અનઈચ્છિનય વ્યકિત આ સંકુલમાં પ્રવેશી શકશે નહીં. વાઈબ્રન્ટ સમિટમાં દેશના વડાપ્રધાન તેમજ ગૃહમંત્રી આવવાના છે આ ઉપરાંત દેશ વિદેશના મહાનુભાવો તેમજ ઉદ્યોગપતિઓ પણ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના મહેમાન બનશે જયારે પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીની સુરક્ષાને અનુલક્ષીને પણ દિલ્હીથી જ અધિકારીઓ અને કર્મચારીઓની ફૌજ તૈનાત કરવામાં આવતી હોય છે. જયારે વાઈબ્રન્ટ સમિટ વેળાની મુલાકાત દરમિયાન સઘળી વ્યવસ્થા ગોઠવવા માટે પણ સુચના ઝેડ પ્લસ સુરક્ષાના અધિકારીઓ દ્વારા આપવામાં આવે છે. જયારે દેશ વિદેશના અન્ય મહાનુભાવો પણ આવવાના હોવાથી છેલ્લી ઘડીએ કોઈપણ કામ કરવાનુ મુશ્કેલ બને છે ત્યારે જેને ધ્યાનમાં રાખીને અત્યંત ચોકક્સાઈ રાખીને નાની વાત પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યુ છે. પાટનગર યોજના ભવન તેમજ ઈન્ડેકસ બી દ્વારા વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેને અનુલક્ષીને મહાત્મા મંદિર વિસ્તારમાં હાલ પેવર બ્લોક ફીટ કરવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. જયારે સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખી સી સી કેમેરા પણ લગાવામાં આવી રહ્યા છે. આ ઉપરાત ટ્રાફિકનુ યોગ્ય રીતે સરળ અને ઝડપી સંચાલન થાય તે માટે પણ સિગ્નલ લગાવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. જયારે પોલીસ તંત્રના અધિકારીઓની સુચના અન્વયે હવે મહાત્મા મંદિર અને દાંડી કુટીરને અનુલક્ષીને છ ફુટની ઉંચી તાર ફેન્સીંગ નાંખવામાં આવી રહી છે. જેના લીધે હવે રખડતા ઢોર કે કુતરા તેમજ નીલગાય પણ મહાત્મા મંદિરના સંકુલમાં પ્રવેશી શકશે નહીં. કેમેરા , સિગ્નલની સાથે ફેન્સીંગ પણ લગાવી દેવાતા મહાત્મા મંદિરમાં ચુસ્ત સુરક્ષા બન્દોબસ્ત પણ ખડેપગે રહેશે.

# શહેરમાં ઠંડીનુ જોર યથાવત, પારો ૧૧ ડીગ્રી

### છેલ્લા બે દિવસથી ઠંડીની મોસમ આકરી બનતા જનજીવન પ્રભાવિત : લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં આંશિક ફેરફાર

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં ઠંડીનો મિજાજા આજે પણ ઉગ્ર રહ્યો હતો ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન માત્ર એક ડીગ્રી નીચે ઉતર્યુ હતુ. ઠંડીનો પારો ૧૧ ડીગ્રીએ રહ્યો હતો જેના લીધે નગરજનોને ઠંડીમાં આંશિક રાહત મળી હતી પરંતુ સુસવાટા મારતા પવનનુ જોર યથાવત રહેતા શીતલહેરના લીધે નગરજનોએ આકરી ઠંડીનો સામનો કરવો પડયો હતો. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં માત્ર એક ડીગ્રીની ચઢઉતર રહી હતી.

ગાંધીનગરમાં ગઈકાલે ઠંડીએ આક્રમક મિજાજ દાખવતા શહેરમાં સિઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી. આક્રમક ઠંડીના લીધે નગરજનો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. એકબાજુ લઘુત્તમ તાપમાન ઉંચકાવાની સાથે વાતાવરણમાં ઠંડા પવનનુ જોર પણ વધુ હોવાથી કોલ્ડવેવનુ જોર પણ વધ્યુ છે. ગઈકાલે ઠંડીનો પારો ૧૦ ડીગ્રીએ પહોંચી ગયો હતો જેના લીધે નગરજનોએ સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી અનુભવી હતી. જયારે આજે ઠંડીનો પારો થોડો નીચે ઉતર્યો હતો અલબત્ત લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે શહેરીજનોને ગઈકાલની સાપેક્ષમાં ઠંડીમાં થોડી રાહત થઈ હતી પરંતુ બીજીતરફ શીતલહેરનુ જોર યથાવત રહેતા નગરજનોએ આકરી ઠંડીનો સામનો કરવો પડયો હતો. છેલ્લા એક સપ્તાહથી શહેરમાં ઠંડીની મોસમ આક્રમક બનતી જાય છે.

અગાઉ ઠંડીનો પારો ૧૪ થી ૧૬ ડીગ્રીની વચ્ચે રહેતો હતો જયારે છેલ્લા બે દિવસથી મોસમનો મિજાજ બદલાતા વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડી ઉગ્ર બની છે. ગઈકાલથી અચાનક જ ઠંડીનુ જોર વધી ગયુ હતુ. જેના લીધે એક જ રાતમાં લઘુત્તમ તાપમાન ૪.૨ ડીગ્રી ઉંચકાયુ હતુ. અલબત્ત સૌથી વધુ ઠંડી નોધાઈ હતી. જયારે આજે સતત બીજા દિવસે પણ ઠંડીના પારામાં વિશેષ ચઢ ઉતર જોવા મળી નથી આજે પણ લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રીએ રહ્યુ હતુ જેના લીધે સામાન્ય ઘટાડા સાથે વાતાવરણ પર ઠંડીનુ પ્રભુત્તવ યથાવત રહ્યુ હતુ. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં એક એક ડીગ્રીની ચઢ ઉતર જોવા મળી હતી દિવસનુ તાપમાન પણ ૨૬.૫ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે દિવસ દરમિયાન પણ ગુલાબી ઠંડીનો ચમકારો યથાવત રહ્યો હતો.



ગાંધીનગરને ઠંડીની મોસમે ગિરફતમા લેતા નગરજનો વિવિધ પ્રકારના ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે. શહેરમાં દિવસ દરમિયાન પણ ઠંડીનો મિજાજ યથાવત રહેતા નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી જયારે રાત્રિના સમયે પણ શહેરના માર્ગો પર સન્નાટો છવાયેલો રહે છે. વહેલી સવારે મોર્નિંગ વોક કરનારા માટે પણ સુસવાટા મારતો પવન પરેશાનીનુ કારણ બન્યો છે. ઠંડીનો પારો હજુ સિંગ્લ ડીઝીટમાં આવ્યો નથી પરંતુ પવનના લીધે ઠંડીનુ જોર બેવડતા નગરજનો કોલ્ડવેવથી પ્રભાવિત છે. એકબાજુ ઠંડીની મોસમ નિખરી છે ત્યારે શહેરમાં ઠેર ઠેર તાપણા સાથે ગરમ ચા ની ચુસ્કીની મજા લેતા યુવાનો પણ મોસમનો લુફ્ત ઉઠાવી રહ્યા છે. ઠંડીની મોસમ આક્રમક બનતા વાયરલ ફીવરના દર્દીઓ પણ વધી રહ્યા છે. દર્દીઓમાં શરદી ઉધરસની તકલીફો પણ વધી છે. આ ઉપરાંત દમ અને શ્વાસના દર્દીઓની મોસમની અસરથી પ્રભાવિત છે. હાલ ઠંડીના પારામાં આંશિક ચઢઉતર થઈ છે ત્યારે આગામી દિવસોમાં હજુ ઠંડી વધુ આક્રમક બનશે તેમ પણ હવામાન તજજ્ઞો માની રહ્યા છે.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT – Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White – THE WHITEST WHITE CEMENT

ET TMT BARS – Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા.** ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com